ગાંધીનગર સમાચાર
તા. ૩-૭-૨૦૧૫, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

સુપ્રીમ કોર્ટનું સીમાચિહ્નરૂપ નિરીક્ષણ

થોડા વખત અગાઉ મદ્રાસ હાઇકોર્ટના વરિષ્ઠ ન્યાયમૂર્તિ પી. દેવદાસે એક સગીરા સાથે દુષ્કર્મના ગુના સબબ સાત વર્ષની સજા પામેલ આરોપીને જામીન આપીને ભારે વિવાદ સર્જ્યો હતો. આરોપી દ્વારા કરાયેલ બળાત્કારની સગર્ભા થયેલી પીડિતા સાથે સમાધાન કરી લેવાની સલાહ આપીને હાઇકોર્ટના ન્યાયમૂર્તિએ ગુનેગાર પુરુષના ગુના પર મહોર મારી દીધી હોય એવું વાતાવરણ સરજાયું હતું. પીડિતાને અને એના અનૌરસ બાળકને એક ઓળખાણ સાંપડશે, એને સામાજિક સંરક્ષણ પ્રાપ્ત થશે - એવી દલીલ કદાચ જૂના જમાનાની પંચપ્રથા અથવા શરિયતના કાનૂનની જ યાદ અપાવે. પીડિતા તો એના પર જુલમ ગુજારનારનું મોઢું સુદ્ધાં જોવા તૈયાર નહોતી, ત્યાં ન્યાયમંદિરના પવિત્ર આસન પરથી એની સાથે રહેવાની ભલામણ થાય તે કેવું બેહુદું લાગે છે! આ પ્રકારના ચુકાદા આવતા જાય તો બળાત્કારીઓને કાયદાની બીક રહેશે જ નહીં. એકવીસમી સદીની ભારતીય નારી સાથે યૌન અપરાધ કરનારાઓને ન્યાયાલયનું જ રક્ષાકવચ મળી જશે. મધ્યપ્રદેશ ગુના શહેરના આવા જ એક ગુનેગારને એના સાત વર્ષની બાળકી સાથે કરેલ દુષ્કર્મ બદલ નીચલી અદાલતે સાત વર્ષની સજા ફટકારી હતી, જે હાઇકોર્ટ દ્વારા પુરાવા ઢીલા પડતાં એક વર્ષની કરી દેવાઇ હતી. આરોપી એક વર્ષની સજા ભોગવીને જેલ બહાર આવી ગયો એની સામે રાજ્ય સરકારે સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરતાં કેસ ફરીથી ઉખેળાયો છે. સર્વોચ્ચ અદાલતના જસ્ટિસ દીપક મિશ્રાની અધ્યક્ષતાવાળી બેંચે હાઇકોર્ટે હળવી કલમો લગાડી પીડિતાને અન્યાય કર્યો હોવાનું જણાવી કેસની ફેર સુનાવણીના હુકમો કર્યા છે. મદ્રાસ હાઇકોર્ટ અને મધ્યપ્રદેશ હાઇકોર્ટ બેઉના કેસ અલગ અલગ હોવા છતાં બેઉમાં પીડિતા સ્ત્રીને ન્યાયાલય દ્વારા જ અન્યાય થયો છે. દેશની સર્વોચ્ચ અદાલતે આ મુદ્દે કરેલ નિરીક્ષણો કહેવાતા સમાધાનકારી ન્યાયાધીશોને એમની 'ખાપ' માનસિકતા પરત્વે ખુલ્લા પાડે છે અને આવી બિનજરુરી ઉદારતા દાખવવાથી પીડિતા મહિલાને થનાર અન્યાય તથા અપમાનના મુદ્દે બરાબર ટપારે છે. બળાત્કાર જેવા મામલામાં હળવું વલણ અપનાવનાર ન્યાયાધીશ અજાણતાં જ સ્ત્રીના મૂળભૂત અધિકારને, એની અસ્મિતા અને આત્મગૌરવને હાનિ પહોંચાડે છે. આવા કેસમાં સમાધાનને અવકાશ હોઇ જ ન શકે, માત્ર અને માત્ર સખતમાં સખત સજા સંભળાવવાની જ તૈયારી રાખવી જોઇએ. દુષ્કર્મનો ભોગ બનેલી પીડિતા સ્વેચ્છાથી દેહ નથી સોંપતી. સ્ત્રી શક્ય તેટલા પ્રતિકાર પછી હારી થાકીને વાસનાભૂખ્યા વરુઓની હવસનો ભોગ બનતી હોય ત્યારે એવા જ રાક્ષસી વૃત્તિવાળા પુરુષો સાથે સમાધાન કરાવવાની, એમની સાથે લગ્નસબંધે જોડાઇ આખી જિંદગી એમનો ત્રાસ ભોગવવાની ભલામણ અને તે પણ હાઇકોર્ટ જેવી ન્યાયદેવડીના આદેશથી કરાતી હોય ત્યારે ન્યાયતંત્ર અને તાલેબાની ફરમાનો વચ્ચે ફરક રહે ખરો? સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે આવા મામલાઓમાં આરોપી અને પીડિતા વચ્ચે કોઇ જ સમાધાન થઇ શકે નહીં. મહિલાનું શરીર એને મન મંદિર સમાન છે દુષ્કર્મનો ભોગ બનનારી સ્ત્રી જિજીવિષા ગુમાવી બેસે છે. અદાલતોએ સામાન્ય માનવીના વિવેકનો પણ ખ્યાલ રાખ્યા વગર આવા કિસ્સાઓમાં લગ્ન કે સમાધાનની સલાહ આપવાનો પ્રયાસ કર્યો હોય તો તે સંપૂર્ણ ગેરકાનૂની છે.

સ્માર્ટ લર્નિંગ પ્રોજેક્ટનો અમદાવાદની શાળાઓમાં પ્રારંભ

ગાંધીનગર, તા. ૨

ગણિત-વિજ્ઞાન જેવા ગહન વિષયોનું સરળતા જ્ઞાન આપતો સ્માર્ટ લર્નિંગ પ્રોજેક્ટનો અમદાવાદની શાળાઓમાં પ્રારંભ કરવામાં આવ્યો છે. સ્માર્ટ લર્નિંગ પ્રોજેક્ટ બાળકોની શિક્ષણ પ્રત્યેની અભિરૂચિ વિકસાવશે. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે અમદાવાદ મહાનગરપાલિકા સંચાલિત ૨૮૯ શાળાઓમાં સ્માર્ટ લર્નિંગ પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો છે.

સ્માર્ટ લર્નિંગ પ્રોજેક્ટના આ કાર્યક્રમના પ્રારંભનું રાજ્યભરની ૩૨ હજાર ઉપરાંત શાળાઓમાં લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું.

શ્રીમતી આનંદીબહેને અમદાવાદ મહાપાલિકાની શાળાઓમાં સ્માર્ટ લર્નિંગ પ્રોજેક્ટ તહત મહાપાલિકાએ સંપૂર્ણ સ્વાયત્ત અને ઈન હાઉસ વિકસાવેલી કાર્યપદ્ધતિની સરાહના કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ડિજીટલ ઈન્ડીયા, સ્કીલ ઈન્ડીયા, ક્લીન ઈન્ડીયાની સંકલ્પનાઓ દેશમાં સાકાર કરવા જે નવતર કદમ ઉઠાવ્યા છે તે અંતર્ગત ગુજરાતને ઉપગ્રહથી શિક્ષણ માટે ૧૦ ચેનલ્સ ફાળવવામાં આવી છે તેની વિશદ ભૂમિકા આપી હતી. આ ચેનલ્સથી અંતરિયાળ ગામોમાં પણ ગ્લોબલ એજ્યુકેશન મળશે તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

અમદાવાદ મહાપાલિકાના સ્કૂલ બોર્ડ સંચાલિત શાળાઓના બાળકો ગણિત-વિજ્ઞાન જેવા ગહન વિષયોનું શિક્ષણ સરળતા-સહજતાથી આ સ્માર્ટલર્નિંગ પ્રોજેક્ટ અન્વયે મેળવી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ પ્રવૃત્તિમય શિક્ષણની આ નવતર પ્રણાલી વૈશ્વિક શિક્ષણ ગ્લોબલ એજ્યુકેશનને સામાન્યમાં સામાન્ય પરિવારના વિદ્યાર્થી સુધી સુગમતાએ પહોંચાડવાનો એમસી પ્રયોગ ગણાવ્યો હતો. સ્માર્ટ લર્નિંગ પ્રોજેક્ટ બાળકોને અઘરા અને ગહન લાગતા વિષયોને સરળતાથી સમજી શકવામાં અત્યંત ઉપકારક નિવડશે અને પરિણામે ગણિત-વિજ્ઞાનના અભ્યાસ પ્રત્યેની રૂચિ વધતાં વિજ્ઞાન, ઈજનેરી, તબીબી શાખાઓ પ્રત્યે લગાવ વધશે તેવી તેમણે અપેક્ષા વ્યક્ત કરી હતી.

શ્રીમતી આનંદીબહેને અમદાવાદ મહાનગરપાલિકા સ્માર્ટ લર્નિંગ પ્રોજેક્ટ જેમ જ મ્યુનિસિપલ શાળાઓના વિદ્યાર્થીઓ-બાળકોની સુષુપ્ત શક્તિઓને ઈતર પ્રવૃત્તિમાં નિખાર આપવાના આયોજનો-તાલીમ ઘડીને સ્માર્ટ ટેલેન્ટ પૂલ ઉભો કરે તેવું પ્રેરક સૂચન કર્યું હતું.

એ. એ. પટેલ કોમર્સ કોલેજમાં એન.એસ. એસ. યુનિટનો આવકારોત્સવ યોજાયો

પ્રથમ વર્ષના ૩૦૦ વિદ્યાર્થીઓ જોડાયા

કોલેજકાળ દરમિયાન એનએસએસ શિબિર વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સામાજીક જવાબદારીનું શિક્ષણ આપે છે. ફક્ત પુસ્તકિયુ જ્ઞાન નહિ પરંતુ જીવનમાં આવતી વિવિધ સમસ્યાઓ કેવી રીતે સુલજવી શકાય તેની માહિતી એન.એસ.એસ. શિબિરમાંથી મળે છે. એ.એ. પટેલ કોમર્સ કોલેજમાં આજે એન.એસ.એસ. યુનિટમાં જોડાયેલા ૩૦૦ વિદ્યાર્થીઓનો આવકારોત્સવ યોજાયો હતો.

સેક્ટર-૨૩માં આવેલ અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ એન.એસ.એસ. શિબિરમાં અગ્રેસર છે. વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓનું સામાજીક ઘડત કરે છે. ત્યારે આજે કોલેજમાં પ્રવેશેલા નવા વિદ્યાર્થીઓ એન.એસ.એસ. યુનિટમાં જોડાતા તેમનો આવકારોત્સવ યોજાયો હતો.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને એન.એસ.એસ. યુનિટ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ વ્યસનમુક્તિ, બેટી બચાવો, બેટી વધાવો અને બેટી પઢાવો, આરોગ્ય જાળવણી, લીડરશીપ ટ્રેનીંગની ચર્ચા કરી માહિતી આપી હતી. કાર્યક્રમમાં જૂના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા.

વાલી મિટીંગ યોજાઈ

આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. બાળકોના વિકાસમાં વાલીઓનો શો ફાળો છે ? તે બાબતે રમિલાબેન પટેલે અને ઉષાબેન પ્રાસંગિક વર્ષાઋતુની થીમ આધારીત ઉદ્‌બોધન કર્યું હતુ. ધોરણ-૪-બની બાળાઓએ 'નન્ના રે નન્ના બરસો રે મેઘા બરસો રે' તે ગીત પર ડાન્સ કર્યો હતો. ચૌધરી હેત્વી, પટણી આલોક અને પટેલ ગહેનાએ વર્ષાઋતુ અંગેના હિન્દી ગીતો ગાયા હતા. ધોરણ-૪-અનો વિદ્યાર્થી રૂપાલા હેત સુરેશભાઈએ નહેરૂચાચાનો અને પ્રજાપતિ યોગેશે સરદાર પટેલનું એક પાત્રિય અભિનય કર્યો હતો. શાળા સુપરવાઈઝર અશોકભાઈએ શાળાના આયોજન વિશે વાલીઓને માહિતગાર કર્યા હતા. ધોરણ-૪-અની બાળાઓએ 'ચક ધૂમ ધૂમ' ગીત પર ડાન્સ કર્યો હતો.

વૃક્ષારોપણ કરાશે

ભારત વિકાસ પરિષદ દ્વારા સ્થાપના દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કરવામાં આવશે. પરિષદ આગામી ૧૦ જુલાઈના દિવસે પ૩મો સ્થાપના દિવસ મનાવશે. ત્યારે તા. ૫ જુલાઈ રવિવારના રોજ સવારે ૯.૦૦ વાગે સેક્ટર-૨૨ વિદ્યાભારતી પ્રશિક્ષણ સંકુલ ખાતે વૃક્ષારોપણ કરશે.

સે-૨૩ નાથીબા મહિલા કોલેજમાં ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨

સેકટર-૨૩ સ્થિત ઉમા આર્ટસ એન્ડ નાથીબા મહિલા કોલેજમાં વિદ્યાર્થીનીઓ માટે ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજવમાં આવ્યો હતો. વિદ્યાર્થીનીઓને કોલેજની માહિતીથી વાકેફ કરવામાં આવ્યા હતા.

નાથીબા કોલેજના સંસ્કાર ભવનમાં આજે આર્ટસ અને કોમર્સમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીનીઓ માટે ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યોહતો. કોલેજના આચાર્યા ડૉ અમૃતા પટેલે કોલેજમાં કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી. કોલેજમાં ચાલતા અભ્યાસક્રમોની ઝાંખી અધ્યાપકોએ કરાવી માહિતી પુરી પાડી હતી.

વર્ષ ૧૯૯૧માં સ્થપાયેલ કોલેજનું આ રજતજયંતિ વર્ષ છે. આ કોલેજની અવિરત વિકાસયાત્રા તથા એ ગ્રેડ તથા કોલેજ વિથ પોટેન્શીયલ ફોર એકસેલન્સનું ગૌરવપૂર્ણ બિરુદ પ્રાપ્ત કરી આ કોલેજ માત્ર ગાંધીનગરની જ નહિ પરંતુ ગુજરાતની અગ્રગણ્ય કોલેજો પૈકીની એક બની રહી છે. તે અંગેની માહિતી અને આટલા વર્ષોના વિવિધ અનુભવોને સંસ્મરણરૂપે સૌએ વાગોળ્યા હતા. કેટલીક સિદ્ધિ પ્રાપ્ત કરનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓએ પણ ઉપસ્થિત રહી કોલેજ પ્રત્યે માન અને અહોભાવ વ્યકત કર્યા હતા. આચાર્યની પ્રેરણા અને કમિટીના સભ્યોના પ્રયાસોથી સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.

વિશ્વકર્મા સમાજની સાધારણ સભા

ગાંધીનગર, તા. ૨

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરની સાધારણ સભા તેમજ કારોબારીની વરણી કરવામાં આવશે. આગામી ૧૨ જુલાઈ રવિવાર બપોરે ૨.૦૦ વાગે સેક્ટર-૧૨ સ્થિત વિશ્વકર્મા સમાજ હોલ ખાતે કાર્યક્રમ યોજાશે. કારોબારી માટેના પ્રવેશ ફોર્મ પ્રક્રિયા યોજાશે. સવારે ૯.૦૦ વાગે ઉમેદવારી ફોર્મ ભરવામાં આવશે. તેમજ ૧૧ થી ૧.૦૦ દરમિયાન પ્રવેશ ફોર્મ પરત ખેંચવામાં આવશે. સંસ્થાના તમામ સભ્યોને કારોબારી રચના અને સાધારણ સભામાં ઉપસ્થિત રહેવા પ્રમુખે જણાવ્યું છે.

માણસની સંસ્કારિતાનું સાચું માપ એ તેની પત્ની અને બાળકો સાથે કેવી રીતે વર્તે છે, તેના પરથી જ નીકળી શકે : ઇશ્વર પેટલીકર

લાગણીનો મેળો

રસિક વાળંદ 'નિર્ઝર'

બીજા પરણામ મારા, પિતાજીને કહેજો રે,
ઘરથી બતાવી જેણે શેરી જી;
બોલી બોલાવ્યા અમને, દોરી હલાવ્યા ચૌરે,
ડુંગરે દેખાડી ઊંચે દેરી જી.

- રા.વિ.પાઠક 'શેષ

આજના પશ્ચિમી વાયરોની ડમરીઓથી ભારતીય સભ્યતા ઢંકાવા લાગી છે. આપણી સંસ્કૃતિની ઉમદા બાબતો વિસારે પાડીને ઉછીના તેજ લઈ ઝગારો ફેલાવવા મથીએ છીએ!! આજનો (કહેવાતો?!) ભારતીય રામનવમીના દિવસે માતૃપિતૃ પૂજન કરવાનું તો ભૂલી ગયો ને ફાધર્સ ડે ના રવાડે ચડ્યો છે!! આપણી વિશ્વગુરુ સમી ભારતીય સંસ્કૃતિના ઉચ્ચતમ આદર્શોને મૂલ્યોની આપણે સૌએ જગતને પ્રતીતિ કરાવવી એ આપનો નિજી ધર્મ છે... પ્રત્યેકે પોતાનો સ્વધર્મ બજાવવો જોઈએ.

આજના માબાપોએ વિચારવું પડશે કે તેઓ સાચા અર્થમાં માબાપ છે બન્યા ખરા?! કહેવાય છે ને કે સંતાન જ માબાપને જન્મ આપે છે અર્થાત સંતાનના જન્મ સાથે જ પતિપત્ની મા બાપનો દરજ્જો પામે છે... ફાધર્સ ડે ઉજવાનારી આ પેઢી ની સામે પ્રત્યેક પિતાએ વિચારવું પડશે કે, મેં મારો પિતૃધર્મ યથાર્થ નિભાવ્યો છે ખરો?! દોસ્તો, આપણી ભારતીય પરંપરા પિતૃ દેવો ભવ: ની છે. આ ઈશ્વરીય સૃષ્ટિમાં અબજો જીવાત્માઓ ઈંડજ પીંડજ કે સ્વેદજ રૂપે દેહ ધારણ કરે છે અને દેહ છોડે છે. આમ જીવાત્મા સ્થૂળ દેહ છોડી સુક્ષ્મ્ દેહ રૂપે એટલે કે પાંચ જ્ઞાનેન્દ્રિય પાંચ કર્મેન્દ્રિય પ્રાણ મન બુદ્ધિ આમ સત્તર તત્વોનો બનેલો જીવાત્મા કર્માનુંબંધ ઋણાનુબંધ વિકાસક્રમ કે જાગતિક જરૂરીયાત આ ચાર પૂર્વજન્મના કારણો મુજબ વાસના સાથે સ્થૂળ દેહ છોડી બીજો જન્મ દેહ લેવા મેઘાડંબરમાં ફરતા હોય છે તે જીવાત્માઓ મેઘવૃષ્ટિ દ્વારા ભૂમિ પર ઉગેલા અન્ન ફળ ફળાદી ઉપર તેનો સ્પર્શ તાદાત્મ્ય સંબંધ્ થતો હોય છે. તે તે અન્ન ફળ ફળાદી ખોરાક દ્વારા તે જીવાત્મા પુરુષના શરીરમાં જાય છે અને તે ખોરાકનું વીર્યમાં રૂપાંતર થતા જીવાત્માવિર્યાત્મા બને છે અને માતાના શરીરમાં જતા પુત્ર પુત્રી રૂપે શરીર ધારણ કરે છે. આમ આમ સૃષ્ટિના અબજો આત્મામાંથી એક આત્મા મારા માધ્યમ થકી ભગવાને સૃષ્ટિ ઉપર મોકલ્યો તો તે જીવાત્માનો સર્વાંગીણ વિકાસ કેમ થાય તે જોવાની મારી ફરજ છે. અને તે મારો પિતા તરીકેનો સ્વધર્મ છે. જીવાત્માને સ્થૂળ દેહ માતાના શરીરમાંથી મળે છે પણ જયારે તેના શરીરનું નામાભિધાન થાય એટલે કે સંતાનના નામની પાછળ પિતાનું નામ લખાય છે. કારણ જીવાત્મા માટે શરીર છે. જીવાત્માના આધારે શરીર છે એટલે કે શરીર ગૌણ ગણાય અને જીવાત્મા મુખ્ય ગણાય... જે જીવાત્મા પુરુષના શરીરમાંથી સ્ત્રીના શરીરમાં આવ્યો છે તેથી પુત્રની પાછળ પિતાનું નામ લખાય છે. માતાનું નહીં આ ઋષિઓનું 'કેટલું ઊંડું તાર્કિક ચિંતન છે! આજના વામણા વેંતિયા સાક્ષરજનોએ સ્ત્રી પુરુષની સમાનતાને આગળ ધરી પુત્રના નામ પાછળ માતાનું નામ લખવાનો ઉધમાત મચાવ્યો... આવું છીછરું જ્ઞાન અશા સ્ત્રીય બોલવાની ફેશનથી માનવ જીવનની શ્રદ્ધાને ધક્કે ચઢાવી પાપ આદર્યું છે.

ખેર, કવિ શ્રી રા.વિ.પાઠક 'શેષ એમના પ્રથમ પરણામ - કાવ્ય લખ્યું છે;

પ્રથમ પરણામ મારા માતાજીને કહેજો,
માન્યું જેને માટીને રતનજી,
ભૂખ્યા રહી જમાડ્યા અમને
જાગી ઘાડ્યા એવા
કાયાનાં કીધલાં જતનજી.

કવિશ્રીએ મારા માતાજી શબ્દ 'માય મધર આ જગતમાં એક ઈશ્વર પછીનું સ્થાન એટલે મા જે ભૂખ્યા રહી જમાડ્યા - ને મારી દૃષ્ટિએ અહીં જતન શબ્દ મહત્વનો છે. કારણકે આપણે જે સર્વાંગ સુંદર છીએ ઘાટીલા છીએ કોઈ ખાંડખાંપણ નથી એનો શ્રેય મા એ કેટલું જતન કર્યું હશે? આપણે પડી ન જઈએ, દાજી ન જઈએ કેટકેટલી કાળજી રાખી છે. મારા કહેવાનો અર્થ એવો નથી કે જે વિકલાંગ કે ખાંડખાંપણ ધરાવે છે એની માતાએ દરકાર નથી કરી પ...ણ.. ભૂખ્યા રહીને જમાડ્યા અમને જાગી ઘાડ્યા એવા કાયાના કીધા જતનજી....

દોસ્તો, જન્મથી મૃત્યુ સુધી જેટલું જીવ્યા જેટલું જોયું જાણ્યું અનુભવ્યું જે કઈ કર્યું લડ્યા જગાડ્યા એ માટે કોના ઋણી છીએ?

અર્પી દઉં સો જન્મ એવડું મા તુજ લ્હેણું - માના પ્રેમનાં કોઈ લેખાં જોખાં ન હોય!! મા તે મા બીજા બધા વગડાના વા... મા બાળકને મમતા વાત્સલ્ય ભરી ભીતરની ભીનાશથી દુનિયાનો પરિચય કરાવે છે. તો બાપ પોતાની મક્કમતાથી બહારના જગતનો પરિચય કરાવે છે. પિતાનું(બાપનું) બલિદાન મૂંગું હોય છે. જે ક્યારેય સંતાનો સુધી પહોચતું નથી, મા રડી લે છે એટલે તેના આંસુ ગાલ પર દેખાય છે. બાપ રડી શકતો નથી તેનાં આંસુ હૃદયમાં તરે છે જે ક્યારેય દેખાતાં નથી એટલે સંતાન બાપથી છેટું અને માથી નજીક રહે છે. જેણે આંગળી પકડીને ઘરેથી શેરીને ચૌરે... અરે, ડુંગરે દેખાડી દેરી બાપ કરતાં સવાયા થવા જીવનમાં ઉંચા લક્ષ્ય પ્રતિ દોરે છે... આમ મા સ્નેહ અને શ્રદ્ધા પૂરે અને બાપ સાહસ અને સાવધાનીભર્યું ઘડતર કરે છે. માબાપની લાયકાત માટે શિક્ષિતઅક્ષિશિત હોવાનો ખ્યાલ નકામો પડે... કારણ અભણ બાપના સવાયા સંતાનો અસામાન્ય થયાના અસંખ્ય દાખલાઓ મોજૂદ છે... ભલે ભણતરનાં અભાવ છતાં સમજદારીને સંતુલિતપણાના ગણતરે ઉત્તમ ઘડતરની રંગોળી પૂરી શક્યા!! તો બીજી તરફ હિરણ્યકશ્યપુ જેવા આસુરી બાપ સામે ખુલ્લો બળવો પોકારનાર પ્રહલાદ દશરથનંદનની આજ્ઞાંકિતતાને અંધ માબાપને કાવડમાં લઈ તીર્થાટન કરાવનાર શ્રવણ... આપણા ઉદાત્ત ચારિત્રો...

આજના કાલિકાળમાં બધા પર્યાય બદલાયાનો અહેસાસ થાય છે ત્યારે બાપ તરીકેની જવાબદારી બહું મોટી અને પડકારજનક છે.. માત્ર જન્મ આપી ને કે જરૂરી ભૌતિક સ્થૂળ જરૂરીયાતો સુખસુવિધાઓ પૂરી પાડીને છટકી ન જવાય... જીવંત બાપ બનવું પડે... સંતાનોની ભાવોર્મિઓને યોગ્ય દિશાદર્શન આપી સવાયા બનવાની તાકાત હોય તો જ સંતાન પેદા કરાય... જલેબી કે પેંડા વહેચીને સંતાન અવતર્યાની ખુશી ભલે વ્યક્ત કરીએ... પ..ણ.. માબાપને જીવનભર ખુશી અને ગૌરવ અપાવે એવા લાયક સંતાન બનાવવા

માબાપે લાયક બનવું પડે... લાયકાત કેળવવાનું ન ભૂલીએ... માત્ર હુકમો ચલાવવા કે વાતવાતમાં પોતાના ખાનદાનની ઈજ્જતનાં ગાણાં ગાવાં... ધંધા વ્યવસાયના વારસાની નિરર્થક ચર્ચા છોડી પહેલાં તો તેને સભાન ને સારો માણસ બનાવો... પિતા એ જ ખુદ આદર્શમૂર્તિ બની સંતાનના પીઠે હાથ ફેરવતાં ફેરવતાં પ્રેમનાં પીયૂષ પીવડાવવાં પડે!! સાથે સાથે એક ઉમદા બાપ તરીકે સંતાનોને સાત્વિક પૌષ્ટિક ખોરાક તેમજ તેના વ્યક્તિત્વને અજવાળે તેવા સુયોગ્ય પોશાકની વ્યવસ્થા માટે જરૂરી અર્થોપાર્જન કરવું જોઈએ. ઘરના દેવઘરમાં પાઠપૂજા, આરતી, પારાયણ, પ્રાર્થના કરતી વખતે સંતાનોને પાસે બેસાડવાં, વિધિવિધાન શીખવાડવાં, યજ્ઞોપવીત આપવી જોઈએ. પછી તેને અભ્યાસ માટે મોકલવાં જોઈએ. દૈવીય ગુણો, નૈતિકતા વિકસે, ધર્મ અને સંસ્કૃતિના ખ્યાલો દૃઢ બને એવું જ્ઞાન મળે એ માટે ઘરમાં જ યોગ્ય વ્યવસ્થાને ભાવાવરણ તૈયાર કરવાની જરૂર છે કારણકે આજના રોટલાશિક્ષણે જીવંત જીવન જ્ઞાનને હાંસિયામાં ધકેલી દીધું છે.

એક જાગ્રત બાપ તરીકે પોતાના સંતાનને સારા મિત્રો આપવા જોઈએ સંગદોષ ન લાગે તેની સતત તકેદારી રાખવાની ભૂલશો નહિ. કદાચ સોબતની અસર જણાય તો તેને ઉગતી જ ડામવાનું ભૂલશો નહિ. પરિવારના તમામ સભ્યો એક થઈ તેમાંથી મુક્ત કરવા ખૂબ જ ગંભીરતાથી સ્વસ્થ ચિત્તે દક્ષતાપૂર્વક ને જરૂર જણાય તો કઠોર પગલાં લેતાં અચકાશો નહિ...

એક મૂલ્યનિષ્ઠ બાપ તરીકે દૈવીગુણોયુક્ત ઉચ્ચ ચારિત્ર્યબળ ધરાવતાં પુસ્તકો વેદ ઉપનિષદ ગીતા રામાયણ મહાભારત વગેરે ગ્રંથો ઘરે જ વસાવવા જોઈએ. આ બુદ્ધિનો ખોરાક છે. અવરનવાર પરિવારે સાથે મળીને સદવાંચન ચિંતન કરવું જોઈએ. આ પિતૃધર્મ છે. આપણે શરીર માટે કુટુંબને જોડે બેસાડી જમીએ છીએ તેવી રીતે સાત્વિક જમણવાર કુટુંબ જોડે પિતાએ કરવો જ જોઈએ. અને છેલ્લે ઉત્તમ પિતા તરીકે પોતાનો ભૌતિક વારસો ધંધો વ્યવસાય કે મિલકત ના વારસદાર તરીકે સઘળું સોંપી મુક્ત થવું જોઈએ.

આ ઉપરાંત પોતાના કુળની ભવ્ય દિવ્ય પરંપરાનો બોજ પણ સોંપવો જોઈએ. આપણા અવતારોએ ભી કરેલી સંસ્કૃતિનો વારસો આપી પિતા તરીકેની ગરિમાને ગૌરવ જાળવી ઉપર્યુક્ત ફરજો નિભાવવી. આ સૃષ્ટિમાં પોતાના થકી સંતાનરૂપે અવતરેલા જીવાત્માનું ભોગજીવનમાંથી ભાવજીવન પ્રતિ ઉન્નતિકરણ કરવું. નૈતિકતાના પાઠ પાકા કરાવો. સંતાન નર્યું બુદ્ધિવાદી કે બુદ્ધિજીવી ન બને પરંતુ બુધ્ધિનિષ્ઠ બને જેથી સત્યનું આચરણ કરતાં થાય અન્યનું શિવ (કલ્યાણ) ઈચ્છે અને જગતને સુંદર બનાવે...!!!

સત્યમ... શીવમ...સુન્દરમ...

સ્પર્શમણિ -

બાળક એ ભવિષ્યના સમાજનો પ્રાણ ચેતન શક્તિ છે. તે સમાજનો એ નિર્માતા છે એ જો આપણને સમજાયું હોય તો બાળકના ઉછેરમાં માતાપિતા બંનેને રસ લાગવો જોઈએ.

માણસની સંસ્કારિતાનું સાચું માપ એ તેની પત્ની અને બાળકો સાથે કેવી રીતે વર્તે છે, તેના પરથી જ નીકળી શકે.

- ઈશ્વર પેટલીકર

આ દેશમાં પતિ પત્ની પ્રેમ છાનાંમાનાં કરે છે અને ઝગડો બાળકોની હાજરીમાં કરે છે.

૧ થી ૩ વર્ષ સુધી બાળકને ભગવાન માનો,
૩ થી ૬ વર્ષ સુધી તેને રાજા ગણો,
૭ થી ૧૭ વર્ષ સુધી તેને ગુલામ માનો,
૧૮ વર્ષ પછી તેને તમે મિત્ર માનજો.